ખરેખર તાલીમ આપશે કે પછી ઔપચારિકતા પૂરી કરાશે...?

5 દિવસમાં અપાશે 70 શાળાને તાલીમ

૨૭થી ૩૧ જાન્યુઆરી સુધી સરકારી પ્રાથમિક શાળાઓમાં વિશેષ આયોજન

આપત્તિ વ્યવસ્થાપન અંગે વિદ્યાર્થીઓ, શિક્ષકો અને વાલીઓમાં જાગૃતિ લક્ષ્ય

સુરતઃ ગુજરાત રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ (GSDMA) દ્વારા રાજ્યભરની તમામ પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં 'શાળા સલામતી સપ્તાહ-૨૦૨૬'ની ઉજવણી કરવા સૂચના આપવામાં આવી છે.

૨૭ થી ૩૧ જાન્યુઆરી ૨૦૨૬ દરમિયાન યોજાનારી આ પાંચ દિવસીય ઉજવણીનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓ, શિક્ષકો અને શાળા કર્મચારીઓમાં આપત્તિ સમયે સલામતી અને બચાવ અંગે જાગૃતિ વધારવાનો છે. પરંતુ ટૂંકા સમયગાળામાં નક્કી કરાયેલા મોટા લક્ષ્યાંકોને લઈ અમલ અંગે અનેક પ્રશ્નો ઊભા થયા છે.

આ કાર્યક્રમ અંતર્ગત દરેક જિલ્લામાં ફરજિયાત રીતે ૬૦થી ૭૦ શાળાઓમાં ફાયર ફાઈટીંગ ડેમો, રેસ્કયુ ટ્રેનિંગ અને પ્રાથમિક સારવારની તાલીમ પૂર્ણ કરવાનો ટાર્ગેટ જિલ્લા શિક્ષણાધિકારીઓને આપવામાં આવ્યો છે.

જોકે માત્ર પાંચ દિવસના ગાળામાં આટલી મોટી સંખ્યામાં શાળાઓમાં ગુણવત્તાયુક્ત અને અસરકારક તાલીમ કેવી રીતે અપાશે, તેની સ્પષ્ટ રૂપરેખા હજુ સુધી સામે આવી નથી.

શિક્ષણ ક્ષેત્ર સાથે જોડાયેલા સૂત્રોના જણાવ્યા મુજબ, યોગ્ય ટ્રેનર, સાધનો અને સમયના અભાવે તાલીમ માત્ર "ડેમો પૂરતી" ન રહી જાય તે માટે આગોતરી આયોજન જરૂરી છે.

સુરત જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા તમામ શાળાઓને સ્પષ્ટ સૂચના આપવામાં આવી છે કે શાળા સલામતી સપ્તાહ દરમિયાન વિવિધ પ્રવૃત્તિઓ ઉપરાંત દરેક શાળાએ પોતાનો ડિઝાસ્ટર મેનેજમેન્ટ પ્લાન તૈયાર કરી ૧૦ ફેબ્રુઆરી સુધીમાં જમા કરાવવો ફરજિયાત રહેશે.

માર્ગદર્શિકા જાહેર, જવાબદારી શાળાઓ પર

GSDMA દ્વારા આ કાર્યક્રમ માટે માર્ગદર્શિકા જાહેર કરી દેવામાં આવી છે. જિલ્લા શિક્ષણાધિકારીઓ, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીઓ, તાલુકા વિકાસ અધિકારીઓ તથા શાળા સંચાલકોને જરૂરી સૂચનાઓ પાઠવવામાં આવી છે. માર્ગદર્શિકા મુજબ ફાયર ફાઈટીંગ ડેમો, રેસ્કયુ ટ્રેનિંગ, પ્રાથમિક સારવારની તાલીમ અને આપત્તિ સમયે વર્તન અંગે માર્ગદર્શન આ તમામ પ્રવૃત્તિઓ નિર્ધારિત શાળાઓમાં પૂર્ણ કરવી ફરજિયાત રહેશે.

શિક્ષકો પર વધતો ભાર, છતાં ભૂમિકા મહત્ત્વપૂર્ણ

આ સમગ્ર કાર્યક્રમમાં શિક્ષકોની ભૂમિકા અત્યંત મહત્વપૂર્ણ ગણવામાં આવી છે. વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપવું, તાલીમ દરમિયાન સહભાગી થવું અને પછી રોજિંદા જીવનમાં સલામતીની સમજ વિકસાવવી આ તમામ જવાબદારીઓ શિક્ષકો પર આવી પડે છે. જોકે, પહેલેથી જ શૈક્ષણિક તથા વહીવટી કામગીરીથી વ્યસ્ત શિક્ષકો પર વધતા ભાર અંગે પણ ચર્ચા શરૂ થઈ છે.

દરેક શાળાએ બનાવવો પડશે ડિઝાસ્ટર મેનેજમેન્ટ પ્લાન

આ પ્લાનમાં સમાવવાની મુખ્ય બાબતો શાળાની ઇમારતનો નકશો, પ્રવેશ અને બહાર નીકળવાના રસ્તા, ભેગા થવાના સુરક્ષિત સ્થળો, ફાયર એક્સટિંગ્વિશર અને ફર્સ્ટ એઇડની ઉપલબ્ધતા અને સ્થાનિક ઇમરજન્સી સેવાઓના સંપર્ક નંબર છે.

શાળા ઇમારતોની સલામતી પર ખાસ ધ્યાન

શાળા સંચાલકોને માત્ર તાલીમ પૂરતી નહીં પરંતુ શાળાની ભૌતિક સલામતી પર પણ ધ્યાન આપવા સૂચના આપવામાં આવી છે. જેમાં ખાસ કરીને શાળા ઇમારતની મજબૂતી, ઇલેક્ટ્રિકલ વાયરિંગની સ્થિતિ, પાણીની ટાંકી અને સીડીઓ અને છતની સલામતી આ તમામની નિયમિત તપાસ કરવી ફરજિયાત રહેશે.

ડુમસ ખાતે ૩.1.15 કરોડના ખર્ચે વન વિશ્રામ ગૃહ બનશે

ધારાસભ્ય મુકેશભાઈ પટેલ અને સંદીપભાઇ દેસાઈના હસ્તે ખાતમુહૂર્ત કરાયું

મોટી સંખ્યામાં ડુમસના દરિયા કિનારે આવનારાઓને આ વિશ્રામ ગૃહ કામ લાગશે

સુરત: સુરત શહેરના મહત્ત્વપૂર્ણ પ્રવાસન કેન્દ્ર એવા ડુમસ દરિયા કિનારે પ્રવાસન વિકાસને વધુ વેગ આપવા માટે સુરત વન વિભાગ દ્વારા ૩.1.15 કરોડના ખર્ચે નિર્માણ થનારા આધુનિક વન વિશ્રામ ગૃહનું ખાતમુહૂર્ત ધારાસભ્ય મુકેશભાઈ પટેલ અને ધારાસભ્ય સંદીપભાઈ દેસાઈના હસ્તે કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે ધારાસભ્ય મુકેશભાઈ પટેલે જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર દ્વારા વિકાસ કાર્યો માત્ર શહેરોનાં કેન્દ્ર સુધી સીમિત રાખવામાં આવ્યાં નથી, પરંતુ છેવાડાના વિસ્તારો સુધી સમાન વિકાસ પહોંચે એ માટે યોજનાબદ્ધ રીતે કામગીરી કરવામાં આવી રહી છે. દર વર્ષે મોટી સંખ્યામાં પ્રવાસીઓ ડુમસ દરિયાકિનારે આવે છે અને તેમના માટે સુવિધાસભર માળખું ઊભું કરવું જરૂરી છે. વન વિભાગ દ્વારા નિર્માણ થનારા આધુનિક સુવિધાયુક્ત વિશ્રામ ગૃહો પ્રવાસીઓ માટે આરામદાયક નિવાસની સુવિધા પૂરી પાડશે, જેનાથી ડુમસને એક આકર્ષક અને વ્યવસ્થિત પ્રવાસન સ્થળ તરીકે નવી ઓળખ મળશે. સાથે જ સ્થાનિક લોકોને રોજગારીની નવી તકો પણ ઉપલબ્ધ થશે.

ધારાસભ્ય સંદીપભાઈ દેસાઈએ જણાવ્યું હતું કે, ડુમસમાં ૩.500 કરોડના ખર્ચે ચાલી રહેલા સી-ફેસ પ્રોજેક્ટનું અંદાજે 50 ટકા કામ પૂર્ણ થઈ ચૂક્યું છે અને બાકી રહેલી કામગીરી ટૂંક સમયમાં પૂર્ણ કરવામાં આવશે.

દરિયાકિનારે વિવિધ વિકાસ કાર્યો, પાકા રસ્તાઓ, પીવાના પાણી જેવી પ્રાથમિક સુવિધાઓ અને પર્યટકોને અનુકૂળ માળખા તૈયાર કરવામાં આવ્યા છે. આ તમામ વિકાસ કાર્યોને કારણે ડુમસ વિસ્તાર એક સુસજ્જ અને મહત્ત્વપૂર્ણ પ્રવાસન હબ તરીકે વિકસી રહ્યો છે.

આ કાર્યક્રમમાં વન વર્તુળ સુરતના વન સંરક્ષક પુનીત નૈયર, સામાજિક વનીકરણ વર્તુળ-ભરૂચના વન સંરક્ષક આનંદકુમાર, સામાજિક વનીકરણ વિભાગ સુરતના નાયબ વન સંરક્ષક મિતલ સાવંત, નાયબ વન સંરક્ષક ધીરજકુમાર અને વિવિધ સમિતિઓના ચેરમેન, કોર્પોરેટરો ઉપસ્થિત રહ્યા હતા.

અધમ કૃત્ય પ્રજ્ઞાચક્ષુ મહિલા પર વિધર્મી યુવકનો બળાત્કાર

સાથે મજૂરીકામ કરતો હોવાથી મહિલાના પતિ સાથે સંબંધ કેળવ્યો, પતિ કામ પર ગયો તો પોત પ્રકાશ્યું

ચાલ આપણે ગેમ રમીએ કહી મોઢું દબાવી નીચ કૃત્ય કર્યું, પોલીસે બિહારી પરિણીત યુવકને દબોચી લીધો

સુરતઃ અલથાણ ભીમરાડ રોડ પર નવ નિર્મિત સાઇટ પર રહેતી એક નિઃસહાય પ્રજ્ઞાચક્ષુ મહિલા સાથે પાડોશમાં જ રહેતા શખ્સે શારીરિક સંબંધ બાંધી જાનથી મારી નાંખવાની ધમકી આપ્યાની શરમજનક ઘટના પ્રકાશમાં આવી છે. પરિણીતાની એકલતાનો લાભ ઉઠાવી મહિલાની લાચારીનો ફાયદો ઉઠાવનાર ૩૮ વર્ષીય સાદિક આલમ નામના શખ્સને પોલીસે ગણતરીના સમયમાં જેલના સળિયા પાછળ ધકેલી દીધો છે.

પોલીસ પાસેથી મળેલી માહિતી મુજબ, હિન્દુ પરિવારની ૨૧ વર્ષીય પ્રજ્ઞાચક્ષુ અને તેનો પરિવાર અલથાણ ભી મરાડ રોડ પર નવ નિર્મિત પાયોનીયર વિયોના નામની સાઇટ પર રહે છે. તેની બાજુના રૂમમાં જ ૧૫ દિવસ પહેલા રહેવા આવેલા આલમ હબીબુર રહેમાન સાથે રહેણાંકની સાઇટ પર સાથે ટાઇલ્સ ફિટિંગનું કામ કરતા હોવાથી પતિ સાથે પરિચય થયો હતો. પરિણીતા પ્રજ્ઞાચક્ષુ હોવાથી તે આલમને તેના અવાજ પરથી ઓળખતી હતી. ગત ૧૦મી જાન્યુઆરીએ સવારે ૯ વાગ્યે જ્યારે મહિલાના પતિ કામ પર ગયા હતા, ત્યારે આલમે રૂમમાં આવી 'ચલ આપણે ગેમ રમીએ' તેમ કહી મહિલાને પકડી લીધી હતી. મહિલાએ વિરોધ કરવા છતાં તેના મોઢા પર હાથ દબાવી તેની સાથે જબરદસ્તીથી શારીરિક સંબંધ બાંધ્યો હતો.

ઘટના બાદ ડરી ગયેલી મહિલાએ તે જ સાંજે પતિને જાણ કરી હતી, ૧૩મી જાન્યુઆરીએ આલમ ફરી ઘરે આવી 'આ વાત કોઈને કહેતી નહીં, નહીંતર તને અને તારા પતિને મરાવી નાંખીશ' તેવી ધમકી આપી ગાળાગાળી કરી હતી. જો કે, ઉત્તરાયણની રજાઓમાં પતિ ઘરે હોવા થી મહિલાએ હિમત ભેગી કરી પોલીસનો સંપર્ક કર્યો હતો. અલથાણ પોલીસે પીડિતાની ફરિયાદના આધારે ગુનો નોંધી સાદિક આલમ હબીબુર રહેમાનને ઝડપી પાડી જેલભેગો કર્યો છે.

પત્નીની ચેટ હાથ લાગતાં બિલ્ડરની હત્યા કરવાનું મન બનાવી લીધું હતું

બિલ્ડર વિપુલ મંડાણીની હત્યાનો મુખ્ય આરોપી અજય સોલંકી પોલીસને હાથ લાગી ગયો, હત્યાની કબૂલાત

પોલીસે અજય સોલંકીને કોર્ટમાં રજૂ કરી તેના સોમવાર સુધીના રિમાન્ડ મેળવ્યાં

સુરતઃ કતારગામ વિસ્તારમાં બિલ્ડરની હત્યાના ગુનામાં કતારગામ પોલીસે મુખ્ય આરોપી અજય સોલંકીને ઝડપી પાડ્યો છે.

પોલીસ પાસેથી મળતી માહિતી મુજબ ગત ૧૨/૦૧/૨૦૨૬ના રોજ કતારગામની જે.કે.પી. નગર સોસાયટીમાં સસ્તા અનાજની દુકાન પાસે વિપુલ માંડાણી નામના યુવક પર હુમલો થયો હતો. આરોપી અજય સોલંકી, અશ્વિન, હિતેશ સોલંકી અને તેમના સાગરીતોની વિપુલ સાથે અજયની પત્નીના સાથે આડા સબંધો લઈ બોલાચાલી થતા તેના પેટના ભાગે છરીના જીવલેણ ઘા ઝીંકી દીધા હતા. ગંભીર ઈજાના કારણે વિપુલનું કરુણ મોત નીપજ્યું હતું.

આ કેસમાં પોલીસે અગાઉ અશ્વિન મનુભાઈ સોલંકી, હિતેશ રાધવભાઈ સોલંકી અને વકીલાત કરતા પ્રફુલભાઈ મનુભાઈ સોલંકીની ધરપકડ કરી લીધી હતી. પોલીસને તપાસ દરમિયાન બાતમી મળી હતી કે બનાવનો મુખ્ય આરોપી અજય શંભુભાઈ સોલંકી (રહે.વચ્છરાજ એપાર્ટમેન્ટ, કતારગામ, મુળ. અમરેલી) કતારગામ વિસ્તારમાં છુપાયો છે. સર્વેલન્સ સ્ટાફે વોચ ગોઠવીને તેને દબોચી લીધો હતો. આ આરોપીની ધરપકડ સાથે જ હત્યાના કેસમાં તમામ કડીઓ જોડાઈ ગઈ છે.

અજયે પોલીસ પૂછપરછમાં જણાવ્યું છે કે વિપુલ અને તે મિત્રો છે, છેલ્લા ઘણાં સમયથી તેમની વચ્ચે પારિવારિક સબંધ હતા. તેની પત્ની અને વિપુલ દોઢ વર્ષથી પરિવારથી છુપાવી સોશ્યલ મીડિયા મારફતે વાતચીત કરતા હતા.

બે મહિના પહેલા પત્નીની ચેટ તેના હાથ લાગી હતી, જે જોતા બંને વચ્ચે પ્રેમસબંધ હોવાનું માલમ પડ્યું હતું. જેથી વિપુલની હત્યા કરવાનું નક્કી કરી લીધું હતું અને તેની હત્યા કરી નાંખી હતી. પોલીસે કોર્ટમાં રજૂ કરી વધુ તપાસ માટે સોમવાર સુધી રિમાન્ડ મેળવ્યા છે. ઉલ્લેખનીય છે કે, આ ઘટનાએ કતારગામ વિસ્તારમાં ભારે ચકચાર જગાવી હતી. તમામ આરોપી પકડાઈ ગયા છે.

રેલવે સ્ટેશનની લિફ્ટમાં પણ મુસાફરોનો સામાન સેફ નથી!

મહિલા મુસાફરના દાગીનાની ચોરી કરનાર મહિલા ૧૪ દિવસે ઝડપાઈ

સુરતઃ સુરત રેલ્વે સ્ટેશન પર મુસાફરની નજર ચૂકવી દાગીનાની ચોરી કરતી એક ૧૯ વર્ષીય મહિલાને પશ્ચિમ રેલવે વડોદરાની લોકલ ક્રાઈમ બ્રાન્ચ દ્વારા પકડી પાડવામાં આવી છે. પોલીસે મહિલા પાસેથી ચોરી થયેલ રૂા. ૯૫,૦૦૦ ની કિંમતનો મુદ્દામાલ પણ રિકવર કર્યો છે.

ગત તા. ૦૩/૦૧/૨૦૨૬ ના રોજ ફરિયાદી શબ્બીર ઈબ્રાહિમ રતલામવાલાના મિત્ર તેમની પુત્રી સાથે સુરતથી મુંબઈ જવા માટે રેલ્વે સ્ટેશન આવ્યા હતા. પ્લેટફોર્મ નંબર-૧ પર જવા માટે જ્યારે તેઓ લિફ્ટમાં ચડ્યા, ત્યારે તેમની નજર ચૂકવી લેડીઝ પર્સમાંથી સોનાની બંગડીઓ અને બ્રેસલેટ સહિતના દાગીનાની ચોરી થઈ હતી. આ અંગે સુરત રેલ્વે પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધવામાં આવ્યો હતો.દરમિયાન રેલ્વે પોલીસના ઉચ્ચ અધિકારીઓના માર્ગદર્શન હેઠળ LCB ની ટીમે સી.સી.ટી.વી. (CCTV) ફૂટેજ અને હ્યુમન ઈન્ટેલીજન્સની મદદથી તપાસ હાથ ધરી હતી. ફૂટેજમાં લિફ્ટ પાસે એક શંકાસ્પદ મહિલા જોવા મળી હતી.

બાતમીના આધારે પોલીસે સુરત રેલ્વે સ્ટેશનના પ્લેટફોર્મ નંબર-૧ ના ઉધના તરફના પુલ પાસેથી શંકાસ્પદ મહિલાને ઝડપી લીધી હતી. મહિલાએ તેનું નામ પુજા ઉર્ફે રેશ્મા વિનોદ સોલંકી (ઉ.વ. ૧૯) રહે સીંગણપુર ચાર રસ્તા, કોઝ વે, સુરત (મૂળ રહે. પાલીતાણા, ભાવનગર) હોવાનું જણાવ્યું હતું. પોલીસ ની પૂછપરછ દરમિયાન મહિલાએ ચોરીની કબૂલાત કરી હતી, ત્યારબાદ તેની અટકાયત કરી મુદ્દામાલ રિકવર કરવામાં આવ્યો હતો.

અનુસંધાન ... પાના છેલ્લાનું

છેલ્લા 15...

૨૦૨૫માં તો છેલ્લા ૧૫ વર્ષમાં સૌથી વધુ ૧૫.૫ ડિગ્રી લઘુત્તમ તાપમાન નોંધાયું હતું. આ આંકડાઓ દર્શાવે છે કે જાન્યુઆરી મહિનાની ઠંડી હવે ધીમે ધીમે નરમ બનતી જઈ રહી છે. વર્તમાન વર્ષ ૨૦૨૬માં પણ લઘુત્તમ તાપમાન ૧૩.૨ ડિગ્રી નોંધાતાં સ્પષ્ટ થાય છે કે અગાઉ જેવો કડકડતો શિયાળો હવે દુર્લભ બનતો જાય છે. હવામાન નિષ્ણાતો અનુસાર વૈશ્વિક હવામાન પરિવર્તન, શહેરીકરણ અને આસપાસના પર્યાવરણમાં થતા ફેરફારોના કારણે તાપમાનમાં આ પ્રકારનો વધારો નોંધાઈ રહ્યો છે. છેલ્લા દોઢ દાયકામાં જાન્યુઆરી મહિનાની ઠંડીમાં ઘટાડો થયો છે અને લઘુત્તમ તાપમાનમાં સતત વધારો થતો જાય છે, જે ભવિષ્યમાં શિયાળાની તીવ્રતા વધુ ઘટવાની સંભાવનાનો સંકેત આપે છે.

રાત્રિ ઠંડીનો...

સેલ્સિયસ વધીને સીધું 34.8 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું, જ્યારે લઘુત્તમ તાપમાન પણ 1.4 ડિગ્રી વધીને 14.6 ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચ્યું હતું. ગઈકાલની સરખામણીએ આજે રાતનું તેમજ દિવસનું તાપમાન બંને વધતા શહેરમાં ઠંડીનો અસરકારક માહોલ રહ્યો નહોતો.

ખાસ કરીને બપોરના સમયે લોકો ઉનાળાની જેમ ગરમીનો અનુભવ કરતા નજરે પડ્યા હતા. ધૂપની તીવ્રતા પણ સામાન્ય કરતા વધારે રહી હતી, જેના કારણે રસ્તાઓ પર ચાલતા લોકોને પરસેવો છૂટી ગયો હતો. આજે હવામાં 39 ટકા ભેજ નોંધાયો હતો. સાથે સાથે દક્ષિણ પશ્ચિમ દિશામાંથી આશરે ચાર કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાતો રહ્યો હતો. જોકે પવનની ગતિ ઓછી હોવાથી ગરમીની અસર ઓછી થવાને બદલે વધારે અનુભવાઈ હતી.

રાજ્યમાં હજુયે...

સામાન્ય કરતાં સ્હેજ નીચું રહ્યું હતું. હવામાન વિભાગના સુત્રોએ કહ્યું હતું કે, રાજ્યમાં આજે અન્ય શહેરો પૈકી ભૂજમાં 12 ડિ.સે., નલિયામાં 9 ડિ.સે., કંડલા પોર્ટ પર 12 ડિ.સે., કંડલા એરપોર્ટ પર 9 ડિ.સે., અમરેલીમાં 9 ડિ.સે., ભાવનગરમાં 14 ડિ.સે., રાજકોટમાં 11 ડિ.સે., સુરેન્દ્રનગરમાં 13 ડિ.સે., મહુવામાં 13 ડિ.સે., કેશોદમાં 8 ડિ.સે., અમદાવાદમાં 15 ડિ.સે., ડીસામાં 11 ડિ.સે., ગાંધીનગરમાં 13 ડિ.સે.,વલ્લભ વિદ્યાનગરમાં 14 ડિ.સે.,વડોદરામાં 12 ડિ.સે.,અને સુરતમાં 15 ડિ.સે. અને દમણમાં 15 ડિ.સે., લઘુત્તમ તાપમાન નોંધાવવા પામ્યું છે.

સુરત જિલ્લા...

થઈ ગયા હતા. પક્ષના શિસ્તબદ્ધ માળખામાં વડીલોના સન્માનની પરંપરા રહી છે, ત્યારે આ પ્રકારના શબ્દ પ્રયોગને નેતૃત્વનું અપમાન ગણવામાં આવ્યું હતું.

આ ઘટના બાદ સભામાં ગણગણાટ શરૂ થયો હતો કે, યુવા મોરચામાં યુવાન હોવું એટલે માત્ર ઉમર નહીં, પણ ઉમદા વિચારસરણી અને વર્તન હોવું જોઈએ. વડીલોના અનુભવ અને યુવાનોના જોશના સમન્વયને બદલે આ પ્રકારની ઉદ્ધતાઈ પક્ષની છબી ખરડતી હોવાની ચર્ચાએ જોર પકડ્યું છે.

ડો. હેમાંગ જોશીના કાર્યક્રમનો મુખ્ય હેતુ યુવા કાર્યકરોમાં ઉત્સાહ ભરવાનો હતો, પરંતુ આ ઘટનાએ શિસ્ત અને સંસ્કારના પાઠ ભણાવવાની જરૂરિયાત પર ભાર મૂક્યો છે. વરિષ્ઠો પ્રત્યેનો આદર એ ભાજપનો પાયો રહ્યો છે, ત્યારે 'ઘરડા' જેવા સંબોધને સંગઠનમાં મોટો વિવાદ છેડ્યો છે.

NCSAM બોર્ડની કોન્ફરન્સ પ્રથમવાર સુરતમાં

5 રાજ્યના કૃષિમંત્રી અને 8 રાજ્યના કૃષિ બજાર બોર્ડના એમડી શેપિંગ ધ ફ્યુચર ફોર ટ્રાન્સફોર્મિંગ ફૂડ લોસ અને વેસ્ટ વિષય પર ચિંતન કરશે

સુરતઃ નેશનલ કાઉન્સિલ ઓફ સ્ટેટ એગ્રીકલ્ચરલ માર્કેટિંગ બોર્ડની કોન્ફરન્સ પ્રથમવાર સુરતમાં યોજાશે. પ્રથમવાર આ નેશનલ કોન્ફરન્સની જવાબદારી ગુજરાતની સૌથી સમૃદ્ધ સુરત એપીએમસીને સોંપવામાં આવી છે.

ધારાસભ્ય અને સુરત એપીએમસીના ચેરમેન સંદીપ દેસાઈએ જણાવ્યું હતું કે, તા.૨૧ અને ૨૨ જાન્યુઆરી-૨૦૨૬ના રોજ યુનિયન ઓફ વર્લ્ડ હોલસેલ માર્કેટ (શાકભાજી, ફળ), નેશનલ કાઉન્સિલ ઓફ સ્ટેટ એગ્રીકલ્ચરલ માર્કેટિંગ બોર્ડ, (COSAMB) નવી દિલ્હી અને એ.પી.એમ.સી. સુરતના સંયુક્ત ઉપક્રમે 'શેપિંગ ધ ફ્યુચર ફોર ટ્રાન્સફોર્મિંગ ફૂડ લોસ અને વેસ્ટ' વિષય ઉપર એક કોન્ફરન્સ યોજાનાર છે.

આ કોન્ફરન્સમાં કુલ ૧૦૦ જેટલા મહાનુભાવો ઉપસ્થિત રહેશે, જેમાં કપિલ મિશ્રા (કેબિનેટ મંત્રી, દિલ્હી), ગણેશ જોશી (મંત્રી એગ્રીકલ્ચર કો.ઓપ. અને બાયો ટેક્નોલોજી, ઉત્તરાખંડ), જય રાવલ (કેબિનેટ મંત્રી ફૂડ એન્ડ ડ્રગ્સ, મહારાષ્ટ્ર), શિવાનંદ પાટીલ (કૃષિ અને કૃષિ માર્કેટિંગ, કર્ણાટક), ટી. નાગેશ્વર રાવ (મંત્રી કૃષિ વિભાગ, તેલંગાણા) હાજર રહેશે.

આ ઉપરાંત ગુજરાત રાજ્ય માર્કેટિંગ બોર્ડના ચેરમેન/ MD, પંજાબ રાજ્ય માર્કેટિંગ બોર્ડના ચેરમેન/ MD, ગોવા રાજ્ય માર્કેટિંગ બોર્ડના ચેરમેન/ MD, ઉત્તરાખંડ રાજ્ય માર્કેટિંગ બોર્ડના ચેરમેન/ MD હિમાચલ પ્રદેશ રાજ્ય માર્કેટિંગ બોર્ડના ચેરમેન/ MD, મુંબઈ માર્કેટિંગ બોર્ડના ચેરમેન/ MD, પુના માર્કેટિંગ બોર્ડના ચેરમેન/ MD, બેંગલોર માર્કેટિંગ બોર્ડના ચેરમેન/ MD ઉપરાંત ૮થી ૧૦ એશિયન દેશોના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહેનાર છે.

આ કોન્ફરન્સમાં ચર્ચા થનાર છે અને સુરત એપીએમસીમાં ચાલતા બાયોગેસ પ્લાન્ટ અને આ પ્લાન્ટ થકી માર્કેટ યાર્ડમાંથી ઉત્પન્ન થતાં શાકભાજીના કચરાનો નિકાલ યોગ્ય રીતે કરી આવક મેળવવામાં આવે છે તેની સાઈટ વિઝિટ પણ કરવામાં આવનાર છે. આ કોન્ફરન્સનો સુરતને મોટો લાભ થવાની સંભાવના છે.

ચર્ચાના મુદ્દાઓમાં હોલસેલ બજારમાં ખોરાકનો નુકસાન અને બગાડ: પડકાર કે તક?

એશિયા વૈશ્વિક સ્તરે ફળ અને શાકભાજીનાં કુલ ઉત્પાદનનો 70% થી વધુ હિસ્સો ધરાવે છે. શહેરી હોલસેલ બજારો ખોરાક અને પોષણ સુરક્ષામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. કારણ કે, તે મુખ્ય વિતરણ કેન્દ્રો છે. બીજી બાજુ આ બજારો ખોરાકના બગાડ (Food Waste) માટે પણ હોટસ્પોટ બની ગયા છે. હોલસેલ બજારો માટે ખોરાકના કચરાનો નિકાલ-એક મોટો પડકાર છે. મોટાં બજારો દરરોજ આશરે 80-100 ટન અપ્રક્રિયાવાળું ઓર્ગેનિક કચરો લેન્ડફિલમાં મોકલે છે. શહેરોમાં ભરાઈ જતા લેન્ડફિલમાં જતાં કુલ કચરામાંથી 1/3 હિસ્સો આપે છે. મિથેન વાયુ ઉત્સર્જનથી પ્રદૂષણ વધે છે, જે વૈશ્વિક સ્તરે 8% 10% સુધી પહોંચે છે.

સુરત પ્રોજેક્ટનો 8થી 10 એશિયન દેશોના પ્રતિનિધિઓ અભ્યાસ કરશે

બે દિવસની કોન્ફરન્સમાં સુરત પ્રોજેક્ટનો 8થી 10 એશિયન દેશોના પ્રતિનિધિઓ અભ્યાસ કરશે. આ પ્રસંગે એશિયાના હોલસેલ બજાર પ્રતિનિધિઓ, કૃષિ માર્કેટિંગ વિભાગના અધિકારીઓ, ફૂડ બેંક સંસ્થાઓ, ડોનર પાર્ટનર્સ, ખાનગી રોકાણકારો અને નાણાકીય સંસ્થાઓ, ટેક્નોલોજી અને વેસ્ટ મેનેજમેન્ટ ઇનોવેટર્સ, યુનિવર્સિટીઓ અને સંશોધકો ઉપસ્થિત રહેશે. હોલસેલ બજારમાં 50 ટન પ્રતિ દિવસ ક્ષમતા ધરાવતું બાયો-CNG પ્લાન્ટ, દર વર્ષે 7,500 ટન મિથેન ઉત્સર્જનમાં ઘટાડો, બાયો-CNG અને બાયોફર્ટિલાઇઝર વેચાણથી આવક, જમીનની પોષકતામાં વધારો, કાર્બન માર્કેટ સાથે જોડાણની ભવિષ્યની સંભાવનાઓ-મજબૂત બાયો-સર્ક્યુલર ઇકોનોમી મોડલ, વૈશ્વિક સંમેલનોમાં ખોરાકના કચરાથી મિથેન ઘટાડવા પર ભાર, COP29 દરમિયાન "ઓર્ગેનિક વેસ્ટમાંથી મિથેન ઘટાડવાની ઘોષણા" પર 30થી વધુ દેશોએ હસ્તાક્ષર કરશે.

અનુસંધાન ... પાના પહેલાનું

મુંબઈમાં ભાજપનો...

પરિણામો અંગે સત્તાવાર નિવેદન જાહેર કર્યું નથી પરંતુ ભાજપ-શિવસેના(શિંદે જૂથ) બીએમસીમાં વિજયી બને તેવા સ્પષ્ટ સંકેતો હતા. એક અધિકારીએ જણાવ્યું હતું કે અંતિમ પરિણામો મોડી રાત્રે જાહેર થઈ શકે છે. નાયબ મુખ્યમંત્રી એકનાથ શિંદેની શિવસેનાના સારા પ્રદર્શન સાથે, ભાજપ હવે આ ધનવાન મુંબઈ મહાનગરપાલિકામાં શાસન ચલાવવા માટે સંપૂર્ણ સજ્જ છે.મુંબઈની આ હાઈ-પ્રોફાઈલ ચૂંટણીમાં ભાજપના શાનદાર દેખાવ સામે મુખ્યમંત્રી એકનાથ શિંદેની આગેવાની હેઠળની શિવસેના પરંપરાગત મરાઠી મતોનો ગઢ જાળવી રાખવામાં મુશ્કેલી અનુભવી રહી હોય તેવું જણાય છે. ૨૦૧૭માં અવિભાજિત શિવસેનાએ ૮૪ બેઠકો જીતી હતી, જેમાંથી મોટાભાગના કોર્પોરેટરો શિંદે સાથે હોવા છતાં, આ વખતે પક્ષ માત્ર ૨૫ થી ૨૮ બેઠકો સુધી સીમિત રહ્યો છે.

BMC માટેની આ હાઈ-સ્ટેક લડાઈમાં ઠાકરે ભાઈઓ બે દાયકા પછી સાથે આવ્યા હતા, પરંતુ અત્યાર સુધી જાહેર થયેલા પરિણામો મુજબ તેમની આશાઓ પર પાણી ફરી વળ્યું છે. પુણે અને પાડોશી પિંપરી-ચિંચવડ મહાનગરપાલિકાની ચૂંટણીમાં પણ ભાજપ, રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (NCP) અને NCP (SP) ગઠબંધન કરતા ઘણું આગળ વધીને જંગી વિજય તરફ આગળ વધી રહ્યું છે. ફડણવીસ આ જીતના મુખ્ય સૂત્રધાર તરીકે ઉભરી આવ્યા છે, જેમાં ભાજપે તેમના નેતૃત્વ હેઠળ ૨૦૧૭ની BMC ચૂંટણીમાં મેળવેલી ૮૨ બેઠકોનો પોતાનો અગાઉનો રેકોર્ડ તોડ્યો છે. ભાજપના 'મિશન મુંબઈ' ની સફળતાએ હવે તેને આ આર્થિક રાજધાનીમાં મુખ્ય રાજકીય શક્તિ તરીકે સ્થાપિત કરી દીધી છે. વર્ષોના લાંબા અંતરાલ બાદ, 15 જાન્યુઆરીએ 29 મહાનગરપાલિકાઓની ચૂંટણી યોજાઈ હતી, જેમાંથી મોટાભાગની નગરપાલિકાઓની મુદત 2020 થી 2023 વચ્ચે પૂર્ણ થઈ ગઈ હતી. આ પૈકીની નવ મહાનગરપાલિકાઓ મુંબઈ મેટ્રોપોલિટન રિજન (MMR) માં આવેલી છે, જે ભારતનો સૌથી વધુ શહેરીકૃત થયેલો પટો છે.

૨૦ વર્ષ પછી...

લડાઈ સમાન હતી. તેમણે પોતાના છેલ્લા ગઢ 'BMC' ને બચાવવા માટે રાજ ઠાકરે સાથે હાથ મિલાવ્યા હતા. શુક્રવારે જાહેર થયેલા પરિણામોએ સ્પષ્ટ કરી દીધું છે કે ઠાકરે ભાઈઓનું આ ગઠબંધન મતદારોને રીઝવવામાં નિષ્ફળ રહ્યું છે.

અજિત પવારનો...

ભાજપના વિકાસ એજન્ડા પર પસંદગી ઉતારી છે. આ પરાજય બાદ હવે મહાયુતિ ગઠબંધનમાં અજિત પવારનું વર્ચસ્વ ઘટવાની શક્યતા છે. અત્યાર સુધી ભાજપ સામે આક્રમક વલણ અપનાવ્યા બાદ હવે તેમને અપમાનનો ઘૂંટ પીને ફરી ભાજપના શરણે રહેવું પડશે. જો આ ચૂંટણીમાં NCPનો દેખાવ સારો હોત તો અજિત પવાર અને શરદ પવારના જૂથોના વિલીનીકરણની ચર્ચાઓ તેજ બની હોત, પરંતુ હવે બંને પક્ષોનું ભવિષ્ય અનિશ્ચિત દેખાઈ રહ્યું છે.

થાણેમાં એક...

સેનાના ગઠબંધનનું વર્ચસ્વ રહ્યું છે. માત્ર મ્હાત્રે જ નહીં, અન્ય એક પરિવારના પણ ત્રણ સભ્યો જળગાંવ મ્યુનિસિપલ કોર્પોરેશન (JMC)ની ચૂંટણીમાં વિજયી થયા હતા. જોકે, તે તમામ શિવસેનાની ટિકિટ પર લડ્યા હતા. કોલ્હે પરિવારના ત્રણ સભ્યો - લલિત કોલ્હે, સિંધુતાઈ કોલ્હે અને પીયૂષ લલિત કોલ્હે ત્રણેય શિવસેનાની ટીકિટ પર ચૂંટણી લડ્યા છે.

ટ્રમ્પને આખરે...

હતી. આ એક અત્યંત મહત્વપૂ